સાચવું

બાલજીવન

પુસ્તક ૧લું



સચિત્ર

બાલલેખન

પુસ્તક ૧લું

યોજક અને પ્રકાશક

સોમાભાઈ કીશાભાઈ પટેલ

સુણાવ (આણંદ થઈને)

વેચાણ વ્યવસ્થાપક

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો–ફુવારા સામે

અમદાવાદ

આવૃત્તિ–૧લી પ્રત, ૧૪૫૦ સપ્ટેમ્બર-૧૯૩૯

કિંમત-૦-૨-૬

દેશબંધુ પ્રિંટિંગ પ્રેસ, આણંદમાં ચિમનલાલ કીશાભાઈ પટેલે છાપ્યું: તા. ૩૦–૯–૩૯.

નિવેદન

પોતાને જે કહેવું હોય તે લખાણ દ્વારા વ્યવસ્થિત રીતે વ્યક્ત કરવાની શક્તિ બાળકમાં આવે એટલા માટે પ્રાથમિક શાળામાંથી જ પ્રયત્ન થવો જોઇએ. એ કાર્યમાં મદદ રૂપ થાય એ હેતુથી પ્રાથ૦ શાળાના પહેલાથી તે ચોથા ધોરણનાં બાળકો માટે બાલલેખન પુસ્તક ૧થી ૪ પ્રસિદ્ધ કર્યાં છે.

આ પુસ્તકમાં જે લખવાનું છે તે વિદ્યાર્થીઓ જાતે લખી શકે તે માટે તૈયારી કરાવવાની જરૂર જણાય તો તેવી તૈયારી કરાવવી પણ એક પાન ઉઘાડી આ પ્રમાણે લખો એમ લખાવવાથી આ ચોપડી જે હેતુસર તૈયાર કરી છે તે હેતુ સધાશે નહિ.

વળી બાળકનું લેખન સારું થાય તેટલા માટે આ ચોપડીમાંના નમૂના જેવું લેખન વધારે પ્રમાણમાં કરાવવામાં આવવું જોઇએ. જેમ આમાં અમુક સવાલો પૂછ્યા છે તેવા સવાલો પાટિયા ઉપર લખીને બાળકો પોતાની નોટમાં એ સવાલો અને સામે તેના જવાબ લખે આમ ઘણા સવાલો પૂછી શકાય. વળી આમાં જેમ ખાવાની ચીજો વગેરેનાં નામ લખવાનું કહ્યું છે એવી જ રીતે વાસણો, વેલાનાં નામ વગેરે લખાવી શકાય.

આ ચોપડીમાં જે કંઇ લખવાનું છે તે બે લીટીઓની વચ્ચે વ્યવસ્થિત રીતે હ્રસ્વ ઉ વગેરે નીચે જાય અને માત્રા વગેરે ઉપર આવે અને અક્ષરો બે લીટીને અડીને જ લખાય એ રીતે લખવાનું છે. બાળક આ પ્રમાણે, સુંદર દેખાય તે રીતે લખી શકે તે પહેલાં કરાવવી ઘટતી તૈયારી, નોટમાં કે સ્લેટમાં બીજાં લખાણો લખાવાને કરાવી લેવી. સારા અક્ષરોથી લખતાં આવડે એ માટે શરૂઆતથી જ પ્રયત્ન કરવામાં આવે એ જરૂરી છે. લખતાં શીખે ત્યારથી જ શિક્ષકો અને શિક્ષિકાઓએ આ દિશામાં પ્રયત્ન કરવાની જરૂર છે. આ ચોપડીઓ બે લીટીઓને અડીને અક્ષર આવે એ રીતે છપાવી છે તેથી બાળકોને એવી રીતે બે લીટી વચ્ચે, લખવા માટે નમૂના તરીકે જોવા માટે પણ તે ઉપયોગી થઇ પડશે.

આ પુસ્તકમાં લખતા પહેલાં બાળક જે સવાલો વગેરે પૂછ્યા હોય તે અથવા શું લખવાનું છે તે બરાબર સમજી લે અને જરૂર પડે તો બીજે એના જવાબો પાટીમાં કે નોટમાં લખે અને શિક્ષક તે તપાસી લે ત્યાર બાદ આ પુસ્તકમાં ડાઘ ન પડે, છેકવું ન પડે એ રીતે લખે. જરૂર જણાય તો જે સવાલોના જવાબ આપવાનું આ પુસ્તકમાં લખ્યું છે તેવા સવાલો મોઢેથી વર્ગમાં પૂછવામાં આવે અને તે રીતે તેઓને આ ચોપડી લખવા માટે જરૂરી જ્ઞાન મળે એમ કરવું.

આ પુસ્તકની રચનામાં શ્રી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના આચાર્ય શ્રી. દેસાઇભાઇ નાથાભાઇ પટેલ તથા વડોદરા પુરુષ અધ્યાપન પાઠશાળાના મોન્ટીસોરી શિક્ષક ભાઇ શંકરભાઇ સોમાભાઇ પટેલની સલાહ સૂચનાઓ મને ખૂબ ઉપયોગી થઇ પડી છે.

પ્રાથ૦ શાળાના પહેલા ધોરણમાં થોડા માસ ગાળ્યા બાદ બાળકો આ ચોપડી લખવાનું કામ કરી શકે એવું જ લખાણ આમાં મૂકવાનું ધ્યાન રાખ્યું છે. છતાં લખાણમાં વિવિધતાની દૃષ્ટિએ અથવા લખાણ વધારે ઓછું અઘરું કરવા સંબંધીની રચનાત્મક સૂચનાઓ કરવાની શિક્ષક ભાઇ બહેનોને નમ્ર વિનંતિ છે.

પ્રાથ૦ શાળાના સંચાલકોને આ પ્રયાસને સત્કારી આભારી કરવાની વિનંતી કરી વિરમુ છું.


સોમાભાઈ કીશાભાઇ પટેલ

નામ–

પિતાનું નામ–


ગામનું નામ–


નામ લખો.







ઘ.ર









જવાબ લખો.

તમારે ભાઈ છે? ના.

તમારે બહેન છે? હા.

તમે નદી જોઈ છે?

તમે કોયલ જોઈ છે?

તમને ગોળ ભાવે છે?

તમને લીંબુ ભાવે છે?

તમને લખવાનું ગમે છે?

તમને ગાવાનું ગમે છે?

તમે ઊંટ જોયું છે?

તમે ગાડું જોયું છે?


તમે કેરી ખાધી છે?

તમે નારંગી ખાધી છે?


તમે દરિયો જોયો છે?


તમે દેડકો જોયો છે?

નામ લખો.




તકલી











જવાબ લખો.

તમે સવારમાં વહેલા ઊઠો છો? હા.

તમે રોજ કસરત કરો છો?

તમને ચોપડીઓ વાંચવી ગમે છે?

તમને ગીત સાંભળવાં ગમે છે?

તમને પૂણી બનાવતાં આવડે છે?

તમને કાંતતાં આવડે છે?

તમે શાક ખાઓ છો?

તમે મરચું ખાઓ છો?

તમને તારા ગમે છે?

તમને ફૂલ ગમે છે?


તમે ટમેટાં ખાધાં છે?


તમે મધ ખાધું છે?

તમને ઝાડ ચડતાં આવડે છે?


તમને તરતાં આવડે છે?


નામ લખો.





હળ









જવાબ લખો.

તમારે કેટલાં માથાં છે? એક.

તમારે કેટલા પગ છે?

ગાયને કેટલા પગ હોય છે?

કાગડાને કેટલા પગ હોય છે?

ચકલીને કેટલી પાંખો હોય છે?

મોરને કેટલી ચાંચ હોય છે?

બળદને કેટલાં શીંગડાં હોય છે?

ગાડાને કેટલાં પૈડાં હોય છે?

એક આનાના પૈસા કેટલા?

તમને કેટલાં વરસ થયાં?

એક હાથે કેટલી આંગળીઓ હોય છે?

બારમાસીના ફૂલને પાંખડીઓ કેટલી?


અઠવાડિયાના દિવસ કેટલા?

વરસના મહિના કેટલા?


એક રૂપિયાના આના કેટલા?


નામ લખો.







ઝાડ ________









શાનું બને છે?

ચોપડી શાની બને છે? કાગળની.

જોડા શાના બને છે?

બંગડી શાની બને છે?

કાતર શાની બને છે?

પતંગ શાની બને છે?

ખુરસી શાની બને છે?

રેંટિયો શાનો બને છે?

શીશી શાની બને છે?

બારણાં શાનાં બને છે?

ભમરડો શાનો બને છે?

દડો શાનો બને છે?

ગાડું શાનું બને છે?

કોદાળી શાની બને છે?

ઈંટો શાની બને છે?

પરબીડિયાં શાનાં બને છે?

જવાબ લખો.

કોણ કૂકડેકૂક કૂકડેકૂક કરે છે? કૂકડો.

કોણ મિયાઉં મિયાઉં કરે છે?

કોણ હૂપ હૂપ કરે છે?

કોણ કા કા કરે છે?

કોણ બેં બેં કરે છે?

કોણ છૂક છૂક કરે છે?

કોણ કૂઊ કૂઊ કરે છે?

કોણ ચૂં ચૂં કરે છે?

કોણ કલબલ કલબલ કરે છે?

કોણ ટહૂકા કરે છે?

કોણ ડરાઉં ડરાઉં કરે છે?

કોણ ઘૂ ઘૂ ઘૂ કરે છે?

કોણ ભસે છે?

કોણ ભૂંકે છે?

કોણ ગણગણે છે?

કેવું લાગે છે ?

દૂધ કેવું લાગે છે? મીઠું.

મરચું કેવું લાગે છે?

આમલી કેવી લાગે છે?

શેરડી કેવી લાગે છે?

મીઠું કેવું લાગે છે?

લીંબુ કેવું લાગે છે?

આમળાં કેવાં લાગે છે?

કારેલાં કેવાં લાગે છે?

સૂંઠ કેવી લાગે છે?

સાકર કેવી લાગે છે?

કાચી કેરી કેવી લાગે છે?

પાકી કેરી કેવી લાગે છે?

ખાંડ કેવી લાગે છે?

મેથી કેવી લાગે છે?

ખાવાની ચીજોનાં નામ લખો.

ખાંડ

પહેરવાની ચીજોનાં નામ લખો.

પહેરણ

છોકરાઓનાં નામ લખો.

ચંદુભાઇ

જવાબ લખો.

ખેતર કોણ ખેડે છે? ________ ખેડૂત.

હળ કોણ બનાવે છે? ________

કપડાં કોણ સીવે છે? ________

જોડા કોણ સીવે છે? ________

ઘરેણાં કોણ ઘડે છે? ________

અનાજ કોણ પકવે છે? ________

ખાદી કોણ વણે છે? ________

માટીનાં વાસણ કોણ બનાવે છે? ________

રેંટિયો કોણ બનાવે છે? ________

કોદાળી કોણ બનાવે છે? ________

ઘાણી કોણ ફેરવે છે? ________

મીઠાઈ કોણ બનાવે છે? ________

ઘર કોણ ચણે છે? ________

ખુરસી કોણ બનાવે છે? ________

ગાડું કોણ ખેંચે છે? ________

જવાબ લખો.

કોલસાનો રંગ કેવો હોય છે? કાળો.

રૂનો રંગ કેવો હોય છે?

સોનાનો રંગ કેવો હોય છે?

કાગડાનો રંગ કેવો હોય છે?

પોપટનો રંગ કેવો હોય છે?

હળદરનો રંગ કેવો હોય છે?

આકાશનો રંગ કેવો હોય છે?

કંકુનો રંગ કેવો હોય છે?

પિત્તળનો રંગ કેવો હોય છે?

ત્રાંબાનો રંગ કેવો હોય છે?

પાકા પાનનો રંગ કેવો હોય છે?

કાચા પાનનો રંગ કેવો હોય છે?

મેશનો રંગ કેવો હોય છે?

ચાકનો રંગ કેવો હોય છે?

જવાબ લખો.

તમે શાનાથી ચાલો છો? પગથી.

તમે શાનાથી જુઓ છો?

તમે શાનાથી સાંભળો છો?

તમે શાનાથી બોલો છો?

તમે શાનાથી લખો છો?

તમે શાનાથી સૂંઘો છો?

તમે શાનાથી કામ કરો છો?

તમે શાનાથી ચાવો છો?

તમે શાનાથી ખાઓ છો?

પૈસાનો આકાર કેવો કહેવાય? ગોળ.

પરબિડિયાનો આકાર કેવો કહેવાય?

પતંગનો આકાર કેવો કહેવાય?

દડાનો આકાર કેવો કહેવાય?

સૂરજનો આકાર કેવો કહેવાય?

ઝાડનાં નામ લખો.

આંબો

ફળનાં નામ લખો.

કેરી

શાકનાં નામ લખો.

દૂધી

ફૂલનાં નામ લખો.

ગુલાબ

શાનાથી થાય છે?

શાનાથી જમીન ખેડાય છે?

શાનાથી કપડાં સંધાય છે?

શાનાથી જમીન ખોદાય છે?

શાનાથી કચરો વળાય છે?

શાનાથી કપાસ પીલાય છે?

શાનાથી સૂતર કંતાય છે?

શાનાથી રૂ પીંજાય છે?

શાનાથી કપડાં વણાય છે?

શાનાથી ઘાસ કપાય છે?

શાનાથી ખડ નીંદાય છે?

શાનાથી પાણી પીવાય છે?

શાનાથી શાક સમારાય છે?

શાનાથી અજવાળું થાય છે?

શાનાથી હળ ચલાવાય છે?

શાનાથી તલ પીલાય છે?

જવાબ લખો.

ખૂબ ટાઢ ક્યારે પડે છે? શિયાળામાં.

ખૂબ તાપ ક્યારે પડે છે?

વરસાદ ક્યોર પડે છે?

સૂરજ ક્યારે ઊગે છે?

સૂરજ ક્યાં હોય છે?

તારા ક્યારે ઊગે છે?

ગાડે શું જોડે છે?

મધ કોણ બનાવે છે?

ગોળ શાનો બને છે?

કેરી કયા ઝાડ ઉપર થાય છે?

સૂરજ ક્યારે આથમે છે?

જોડા ક્યાં પહેરાય છે?

કયું પક્ષી માણસ જેવું બોલે છે?

તમે શાનું દાતણ કરો છો?

શબ્દો લખો.

હ્રસ્વ ઇ આવતી હોય તેવા શબ્દો	દીર્ઘ ઈ આવતી હોય તેવા શબ્દો
બિલાડી	ગીત

પક્ષીઓનાં નામ લખો.

ચકલી

પ્રાણીઓનાં નામ લખો.

હાથી

સાત વારનાં નામ લખો.

સોમવાર

છોકરીઓનાં નામ લખો.

મણિબહેન

શબ્દો લખો.

હ્રસ્વ ઉ આવતું હોય તેવા શબ્દો	દીર્ઘ ઊ આવતું હોય તેવા શબ્દો
કુહાડી	સૂરજ

બચુભાઇ શું કરે છે ?





બચુભાઇ હસે છે.







